ગુજરાત નાણાં પંચના ત્રીજા(આખરી) અહેવાલના અમલ અંગે.
સરકારશ્રી દ્વારા તબદીલ થયેલ યોજનાઓના
અમલ અંગે.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: જીએફસી/૧૧૨૦૦૦/૨૩૪૪/આર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૨-૧૧-૨૦૦૦

આમુખ :-

ગુજરાત સરકારે ભારતીય બંધારણની જોગવાઇ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તારીખ:૧૫-૯-૯૪ ના જાહેરનામાંથી ગુજરાત નાણાં પંચની રચના કરેલ. પંચે શહેરી સ્થાનિક સંસ્થાઓને સબંધિત ત્રીજા(આખરી) અહેવાલમાં "શહેરી સ્થાનિક સંસ્થાઓને સરકાર દ્વારા તબદીલ થયેલ યોજનાઓ માટે સહાયક અનુદાન" બાબતે ભલામણ કરેલ હતી. જે અન્વયે રાજ્ય સરકારશ્રીએ તે અંગે પુખ્ત વિચારણા બાદ નીચે પ્રમાણેનો નિર્ણય કરેલ છે.

પરિપત્રઃ-

(૧) રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા સહાયક અનુદાન આપવામાં આવતી તબદીલ થયેલ યોજનાઓમાં કાપ મુકાય તો યોજના બંધ કરવાનો વિકલ્પ જે તે શહેરી સ્થાનિક સંસ્થાએ આપવાનો રહેશે.

(૨) આવી યોજનામાં કાપ મુકતાં પહેલાં શહેરી સ્થાનિક સંસ્થાઓની સંમતિ મેળવવાની આવશ્યકતા રહેશે નહીં.

(૩) સરકારશ્રીની આવી તબદીલ થયેલ યોજના/યોજનાઓમાં કામગીરી બજાવતા સ્ટાફને નગરપાલિકાએ અન્ય કામગીરીમાં સમાવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.યુ.ખત્રી )
સેકશન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

૧. ગુજરાતના રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
૪. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
૫. મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
૬. સચિવાલયના સર્વે વિભાગો.
૭. વિભાગના સર્વે શાખાઓ
૮. નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૧૭
૯. પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ.
૧૦ સર્વે નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓ.
૧૧ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ.
૧૨ પસંદગી ફાઇલ.